અપીલ અરજી નં.૧૧/૦૮–૦૯ તા.૮–૪–૦૮

અરજદારઃ શ્રી તુષાર જે. વૈષ્ણવ એડવોકેટ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

# હુકમઃ–

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી તુષાર જે. વૈષ્ણવ એડવોકેટની તા.૨૮–૨–૦૮ની અરજીથી આઈ.ડી. નં.૫૦૨ જન્મ મરણ નોંધણી વિભાગમાં જન્મ મરણ સર્ટીમાં સક્ષમ અધિકારીને કઈ કઈ ભુલો સુધારવાની સત્તા છે? તેમજ જે અંગેની માહિતી માંગવા બાબતની અરજી.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૮–૪–'૦૮ ની અપીલ અરજી નં.૧૧/૨૦૦૮–૦૯

શ્રી તુષાર જે. વૈષ્ણવ એડવોકેટની તા.૨૮–૨–૦૮ની અરજીથી આઈ.ડી. નં.૫૦૨ જન્મ મરણ નોંધણી વિભાગમાં જન્મ મરણ સર્ટીમાં સક્ષમ અધિકારીને કઈ કઈ ભુલો સુધારવાની સત્તા છે? તેમજ બર્થ–ડેથ એન્ડ મેરેજ રજી.એકટ ૧૮૮૬ ની સેકશન –૨૮ મુજબ શરતચૂકથી જન્મ મરણમાં કરાતી નોંધણી વખતે નામ લખવામાં થયેલો સુધારો કરવા માટે સક્ષમ સત્તાધિકારની સત્તાઓની માહિતી માંગણીઓ કરવામાં આવેલ છે. તેમજ તા.૨૫–૨–૦૮ ના ગુજરાત સમાચારના નોટીફીકેશન અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ અંગેની માહિતી તથા તે સંદર્ભે સરકારના આદેશ કે પરીપત્રની માંગણી કરવામાં આવેલ છે. જે અંગેની માહિતી માંગવામાં આવેલ. જે વરાછા ઝોન તરફથી જે ઈઝેડ/આરટીઆઈ/૫૦૨ તા.૨–૪–૦૮ થી પૂરી પાડેલ માહિતીથી અસંતોષ વ્યકત કરી એપેલેટ ઓફિસરને તા.૮–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭ તા.૨૩–૪–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે વરાછા ઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૦૨ તા.૨૪–૪–૦૮ થી પૂરી પાડવામાં આવેલ.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર ની તા.૨૮–૨–૦૮ની અરજીમાં માંગેલ માહિતી બાબતે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૦૨ તા.૨–૪–૦૮ થી આપવામાં આવેલ જવાબ જેનાથી નહી પૂરી પાડેલી માહિતીથી અરજદારને અસંતોષ હતો તે માહિતી વરાછા ઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૦૨ તા.૨૪–૪–૦૮ થી પૂરી પાડવામાં આવેલ. મુદ્દા નં.(૧) શરતચૂકથી જન્મ મરણ નોંધણી કરાવતી વખતે નામ લખવામાં થયેલ ભુલનો સુધારો કરવા માટે સક્ષમ અધિકારીની સત્તાઓ બર્થ ડેથ એન્ડ મેરેજ રજી.એકટ–૧૮૮૬ ની સેકશન ૨૮ મુજબનો જવાબ અને મુદ્દા નં.(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ અંગે તા.૨૫–૨–૦૮ ના ગુજરાત સમાચારના નોટીફીકેશનની માહિતીનો જવાબ પાઠવવામાં આવેલ છે. જેથી સદરહું અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નથી અને અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી તુષાર જે. વૈષ્ણવ એડવોકેટ,